# અંતરમેળ



કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઈન્ડિયા, મુંબઈ

જાન્યુઆરી - એપ્રીલ ૨૦૧૫ વર્ષ ૮ અંક ૧ પૃષ્ઠ ૮ રૂા. ૨/-

## જ્ઞાને આપણા અસ્તિત્વનું સમગ્ર બંધારણ સજ્યુ

**શું** આપણે ગઈકાલે જે વાત કરી રહ્યાં હતા તેમાં આગળ વધશું? આપણે કહી રહ્યા હતા, શું નહોતા કહી રહ્યા? કે આપણું મગજ, આપણું સમગ્ર માનસિક બંધારણ ઘણાં ઘણાં અનુભવોમાંથી, ઘણી ઘણી ઘટનાઓ અને અકસ્માતોથી, અનુભવના દરેક સ્વરૂપમાંથી પસાર થયું છે અને તેણે પુષ્કળ જ્ઞાનનો સંગ્રહ કર્યો છે. તે જ્ઞાનથી એક માળખું રચાયું છે અને તેમાં આપણે રહીએ છીએ, વિચારીએ છીએ. અને એ માળખું રચાયું છે લાંબા સમયગાળા દરમિયાન; તેમાં માત્ર ભાષા શીખવા માટે લાગતો સમય, કોઈ ટેકનિક, કૌશલ્ય મેળવવા માટે લાગતો સમય જ નહીં, પરંતુ એ જ્ઞાને આપણા અસ્તિત્વનું, માનસિકપણે, આંતરિકપણે, ત્વચાની નીચે જે સમગ્ર બંધારણ સર્જ્યું છે તેમાં પણ ઘણો સમય લાગ્યો છે. અને દેખીતી રીતે જ યુગોના યુગો પછી પણ આપણે માનસિકપણે જરાપણ બદલાયા નથી. આપણે થોડાં સુધરેલા બન્યા છીએ. વધારે ચતુર, બૌદ્ધિક દલીલો અથવા આંશિકપણે બૌદ્ધિક દલીલો કરી શકીએ તેવાં બન્યા છીએ, પણ માનસિકપણે ખાસ કાંઈ બદલાયા નથી. ગઈકાલે ક્હ્યું હતું તેમ, ઘણા સમય પછી આ સર્જાયેલા માળખાને જો સંપૂર્ણપણે તોડી પાડવામાં નહીં આવે તો, આપણે નવા સમાજનું સર્જન કરવા માટે સમર્થ નહીં બની શકીએ. જેમાં આપણે રહીએ છીએ તે સમાજમાં છે યુદ્ધો, અનૈતિકતા, હિંસા, ભય અને સતત અનિશ્ચિતતા. આ સમાજ માનવ સર્જિત છે. ભલે પછી એ સમાજમાં આપણે અહીં રહીએ કે દૂર કે નજીકના પૂર્વમાં રહીએ પરંતુ તે એ જ માળખામાં ઢળેલો સમાજ છે જે માણસ દ્વારા રચાયો છે, જો આવું માળખું ધરાવતા સમાજમાં રહેતો માણસ ધરમૂળથી, હૃદયપૂર્વક બદલાશે નહીં ત્યાં સુધી આ સમાજ પણ નહીં બદલી શકાય. વાતાવરણ બદલવાથી માણસ બદલાઈ જશે, માણસ એ વાતાવરણમાંથી બહાર આવી જશે વગેરે... એવી આશામાં સામ્યવાદીઓએ તે અજમાવી જોયું છે. અલબત્ત તેમ કરવાથી માણસને ક્યારેય બદલી શકાયો નથી.

...અને એ પણ ધ્યાન રાખજો કે આપણે સાથે મળીને વાતચીત કરીએ છીએ, એવું નથી કે વક્તા બોલે છે અને તમે સાંભળો છો. પરંતુ આપણે બંને આપણાં મગજનો, આપણી ક્ષમતાનો, આપણી બુદ્ધિનો ઉપયોગ કરીએ છીએ, આપણો અભિગમ તાર્કિક છે કે નહીં એ વિષે આપણે સાથે મળીને આ સમસ્યા વિષે વિચાર કરીએ છીએ. તેનો અર્થ એવો નથી થતો ક વક્તા જે કહે તે તમે સ્વીકારી લો, પરંતુ સાથે મળીને, તે અને તમે એટલે કે આપણે સાથે મળીને આ બાબતની તપાસ કરીએ છીએ. તમે જાણો છો કે પૂર્વના ધર્મમાં સંદેહને પ્રોત્સાહન આપવામાં આવે છે. આ એક અસાધારણ બાબત છે. હું શું કહું છું તે તમે સમજો છો ને? આપણી માનસિકતા તપાસ કરવાને બદલે સ્વીકાર કરી લેવા તરફ વધુ ઢળે છે. આપણું મન કાંઈક નવું જોવાની ના પાડે છે. કારણ કે તે એ જ જૂના માળખા પ્રમાણે વિચારે છે. અને આપણે તે માળખાને તપાસવાના છીએ અને તેથી ઉલટું આપણે કોઈપણ ધર્મની તરફેણ નથી કરતાં. આપણે એમ નથી કહેતા કે તમારે અમુક બાબતમાં માનવું જ જોઈએ અથવા અમુક બાબતમાં ન જ માનવું જોઈએ, આપણે કોઈપણ પ્રકારનો પ્રચાર પણ નથી કરતાં, આ વિષયમાં એમ કરવું એ મૂર્ખાઈ ગણાય...

...તેથી આપણે પૂછીએ છીએ કે સલામતીની શોધમાં મગજે પોતાને જે માળખામાં ગોઠવી દીધું છે તે આપણા અસ્તિત્વના આ માળખામાં ખરેખર તેને સલામતી મળે છે કે નહીં, મગજ સંપૂર્ણપણે સલામત રહેવા માગે છે કારણ કે એ મગજની પ્રાથમિક જરૂરિયાત છે, ભલે પછી એ સલામતી ભ્રામક હોય, કપોળકલ્પિત હોય કે પછી મનગમતી બાબત હોય. ભલે તે મનમાં આધ્યાત્મિક, ધાર્મિક બાબતો હોય કે પછી પતિ અથવા પત્ની, બોયફ્રેન્ડ કે ગર્લફ્રેન્ડ વિશેની ધારી લીધેલી કોઈ છાપ કે કલ્પના જેવી બાબતો હોય. મગજ હંમેશા સલામતી શોધવાનો પ્રયત્ન કરે છે કારણકે ત્યાર પછી તે બુદ્ધિ દોડાવી શકે છે. આ માળખું આપણી ઈચ્છાથી ઘડાયું છે; મગજ પહેલાં વિચારથી કે ઈચ્છાથી અને પછી વળગણથી(આસક્તિથી), લોભથી ભયભીત થઈ જાય છે. તેને લાગે છે કે તે આમાંથી છટકવા કે તેમાંથી બહાર આવવા અને તેનાથી મુક્ત થવા અસમર્થ છે. તમે કૃપા કરી આ ત્રણેય બાબતની એક સાથે તપાસ કરો. જો કે આપણે સાથે મળીને ગઈકાલે અને તે પહેલાં કરેલી ચર્ચા વખતે પણ વિચારની સમગ્ર ક્રિયા-પ્રક્રિયાની ચર્ચા દરમિયાન ઈચ્છા, લોભ અને વળગણ વિષે વાત કરી હતી. આ એજ માળખું છે જેમાં આપણે ફસાઈ ગયાં છીએ. તો શું આ માળખું તોડવું શક્ય છે? કૃપા કરીને વક્તા સાથે તમે પણ તે તપાસો. એટલે કે, ચાલો આપણે સાથે મળીને એ વિષે વિચારીએ. એમ નહીં કે હું સ્પષ્ટ કરતો જાઉં અને તમે તે સ્વીકાર કે અસ્વીકાર કરતા રહો વગેરે વગેરે. પરંતુ આપણી સમક્ષ આ એક એવી સમસ્યા આવી છે કે જેનો આપણે સહુએ મળીને સામનો કરવાનો છે.

.. હવે વક્તા જ્યારે આ બધું સ્પષ્ટ કરે છે તે માત્ર ખ્યાલ છે કે વાસ્તવિકતા છે? હું શું કહું છું તે તમને સમજાય છે? શું તમે આસક્તિનું કોઈ સ્વરૂપ ધરાવો છો? તમે પોતે જ એ જુઓ છો કે તમે આસક્ત છો? તમે તમારી જાતે જ તેના પરિણામ જુઓ છો? આમ આ કાંઈ તમે સ્વીકારી લો તેવો કોઈ ખ્યાલ નથી પરંતુ અહીં તમે આસક્તિની ગતિવિધિનું નિરીક્ષણ કરો છો, બરાબર? હવે તમે તે વિષે શું કરશો? તમને મારો પ્રશ્ન સમજાય છે? હવે જ્યારે તમે આસક્તિની પ્રવૃત્તિ વિષે બધું નિરીક્ષણ કરી લીધું છે, ત્યારે તમે એ પણ જોયું છે કે

વિચાર વ્યક્તિ વિષે કોઇ છાપ કેવી રીતે ઊભી કરે છે અને મન તે છાપને કેવી રીતે વળગી રહે છે, બરાબર? અને મન વ્યક્તિ વિષે છાપ ધરાવે છે તે છાપ મૂળ વ્યકિત કરતાં પણ વધારે મહત્ત્વની બની જાય છે તે પણ તમે જોયુ છે. તમને આ બધું સમજાય છે ખરું? મગજમાં ખૂબ જ ઘર્ષણ, આપત્તિ, ગૂંચવણ, વેરભાવ ઉત્પન્ન કરતી આસક્તિનો અંત આવી શકે ખરો? જ્યારે તમે આસક્તિનો અંત લાવો ત્યારે શું થાય છે? તમે સમજો છો? કૃપા કરીને જરા ધ્યાન આપો શ્રીમાન. તમે મારો પ્રશ્ન સમજ્યા? તમે આસક્ત છો, તમે જાણો છો, તમે આસક્તિમાં રહેલા સંઘર્ષ, ભય વગેરેના પરિણામનું બૌદ્ધિકપણે કે વાસ્તવિકપણે નિરીક્ષણ કર્યું છે, હવે એમ કહીએ કે હું મારી આસક્તિનો અંત લાવીશ તો તે તમારી મરજી મુજબની ક્રિયા છે કે પછી એ તમારી આસક્તિ વિશેની અંતદૃષ્ટિ હોય, તો તે આસક્તિનો ત્યાં જ અંત આવે છે, એનો અર્થ એ નથી કે તમે તમારી આસક્તિનો અંત લાવીને બીજી કોઇ વસ્તુને વળગો. તમે સમજ્યા? આપણે કોઇ વ્યક્તિ કે તેનાં ખ્યાલને વળગેલા હોઇએ અને સમજણ બાદ તે વળગણને જતું કરીએ ત્યારે બીજી કોઇ વ્યક્તિને કે તેનાં ખ્યાલને વળગવું તેમ નહીં. આપણે માનસિકપણે અપાર સંઘર્ષ ઉત્પન્ન કરે એવાં બધાં પ્રકારનાં વળગણનો અંત લાવવાની વાત કરીએ છીએ. શું તમે તમારી આસક્તિને અંતદૃષ્ટિ કરી જોઇ-તપાસી છે અને તમે કરીને તેનો અંત લાવ્યા છો?

જ્યારે તમે કોઇ વસ્તુનો અંત લાવો છો. ત્યારે શું થાય છે? તમે સમજો જ્યારે તમે દારૂ પીવાનું બંધ કરો, જો બંધ કરોતો અથવા જ્યારે તમે ધૂમ્રપાન બંધ કરો કે તેમાંથી કાંઇપણ બંધ કરો તો તેની તમારાં શરીર અને મન પર શી અસર થાય છે? સજ્જનો, શું તમે એવું ઇચ્છો છો કે હું તમને તે કહું? તમે જુઓ છો કે હું તમને તે કહું તેમાં જોખમ છે. એમ કરીને તમે તમારી ઉપર બીજા કોઇનું અવલંબન સર્જો છો. પરંતુ જો તમે તમારી જાતે જ એ શોધી કાઢો ત્યારે તમે તમારી આસક્તિનો સંપૂર્ણપણે અંત લાવો છો. ત્યારે માળખામાં જકડાયેલા મનની અને તેની આસક્તિની ક્રિયાઓ કેવી હોય છે? તેથી મનને શું થાય છે? કાંઇક તદ્દન નવું જ બને છે, શું નથી બનતું? હવે તમે આસક્તિના માળખાને તોડી પાડયું છે તેથી એ માળખાને બદલે કાંઇક બીજું જ અસ્તિત્વમાં આવે છે. તમે આ પ્રમાણે કરો છો? તમે જુઓ કે તમે સહુ ભયભીત થઇ જાઓ છો. એ જ તેનું મૂળ છે..

.. તો આપણે કહ્યું કે આપણાં જીવનમાં ઇચ્છા, લોભ, આસક્તિ, રોજેરોજનો સંઘર્ષ છે, તેમાં પ્રસંગોપાત ખુશી પણ છે અને આ બધું આપણાં જીવનનો હિસ્સો છે. હવે, ચાલો આપણે સાથે મળીને તપાસીએ, એટલે કે આપણે સહુ સાથે મળીને તપાસ કરીએ એમ હું કહેવા માગું છું. ભય શું છે, શા માટે આપણે આટલાં બધાં ભયભીત છીએ. યુગો યુગોથી આપણે જીવીએ છીએ છતાં આ ભયની સમસ્યાનો કોઇ ઉકેલ આપણે લાવી શક્યા નથી; આપણે ભયની એ જ જૂની ઘરેડ પ્રમાણે ચાલીએ છીએ. તો ભય શું છે? શું આપણને આપણી આસક્તિને આપણાં વળગણોને જતાં કરવામાં ડર નથી લાગતો? ભલે પછી તે વળગણ વ્યક્તિનું, માન્યતાનું કે ખ્યાલનું હોય; સામ્યવાદીઓએ આવાં ખ્યાલો સર્જ્યા છે, અને જો તમે કોઇ સામ્યવાદી સાથે વાત કરો તો તે વ્યક્તિ આ માળખાને જતું નહીં કરી શકે કારણ કે તેને તેમાં ભય લાગે છે. તે ક્યારેય નવેસરથી કાંઇપણ વિચારશે જ નહીં, બરાબર? અથવા તો કોઇ કેથલિક કે પ્રોટેસ્ટન્ટ, હિંદુ, બૌદ્ધની સાથે વાત કરશો તો એ જ પરિસ્થિતિ જોવા મળશે. કારણ કે એ માળખામાં. તે નિષ્કર્ષમાં, તે માન્યતામાં સલામતી છે, તેમાં સ્થિરતાનો, શક્તિનો એક ભાવ છે, ભલે તે ખ્યાલ, તે છાપ, તે વિચાર ભ્રમ માત્ર હોય. છતાં એ ભ્રમ પણ તમને સલામતી આપે છે એમ લાગે છે. આસક્તિમાં એક પ્રકારની સુખની, કલ્યાણની, સલામતીની ભાવના રહેલી છે. બરાબર છે સજ્જનો? તો આજની સવારે આપણે એવા બે મિત્રો તરીકે કે જેઓ આ સમસ્યાનો ઉકેલ શોધવા મથે છે. જેઓ સામાજિક સુવ્યવસ્થા કે જે અવ્યવસ્થા છે - તેને માટે ચિંતા ધરાવે છે અને એ જોઇને કે સમાજનું રૂપાંતર કરતાં પહેલાં આપણું પોતાનું પરિવર્તન થવું જોઇએ એ વિષે વાતચીત કરવાના છીએ. આપણે ભય, લોભ અને આસક્તિ વિષે વાતચીત કરવાના છીએ. આપણે આ માળખામાં જ જીવ્યા છીએ અને એ જ માળખામાં આપણને પાકી સલામતી હોય એમ લાગે છે. અને આ માળખામાં જ ભય છે. અને આ બધું સમગ્રપણે જોવું એ જ અંતદૃષ્ટિ છે. જ્યારે આવી અંતદૃષ્ટિથી જોવામાં આવે છે ત્યારે આખીયે સમસ્યા બદલાઇ જાય છે, માળખું ભાંગી પડે છે. શું આપણે આપણી જાતને પ્રામાણિકપણે એમ કહી શકીએ કે મેં ભયના આ માળખાને તોડી પાડયું છે? જ્યારે તમે અહીંથી જશો ત્યારે તમે આ બાબતથી મુક્ત થઇ ગયા હશો. ત્યારે તમે તાર્કિક, સમજદાર માણસ બની જાઓ છો, કમનસીબે આપણે અત્યારે તેવા નથી.

ઓહાય ૧૯૮૦, ભાષણ ૪

## જીવવું એ જ મહાન ક્રાંતિ છે

**મ**ન એક માળખામાં જકડાઇ ગયું છે, તેનું અસ્તિત્વ એ માળખામાં રહીને જ કામ કરવા અને ચાલવા પૂરતું મર્યાદિત થઇ ગયું છે. એ માળખું ભૂતકાળનું અથવા ભવિષ્યનું હોય છે, તેમાં હતાશા અને આશા છે, તેમાં ગૂંચવણ અને કલ્પનાનું રામરાજ્ય છે, કેવું હતું અને કેવું હોવું જોઇએ વ. છે. તેનાથી આપણે સહુ પરિચિત છીએ. તમે એ માળખામાંથી મુક્ત થઇને તેને બદલે બીજું ‘નવું’ માળખું ઊભું કરવા માંગો છો, આ નવું માળખું જૂના માળખામાં કરવામાં આવેલા સુધારા પર આધારિત હોય છે. તમે નવું વિશ્વ રચવા માગો છો જે અશકય છે. તમે તમને પોતાને અને બીજાને છેતરી શકો, પરંતુ જ્યાં સુધી જૂનું માળખું જમીનદોસ્ત ન કરવામાં આવે ત્યાં સુધી ઘરમૂળથી રૂપાંતરણ થઇ ન શકે. તમે તેની આસપાસ રહી શકો પરંતુ નવા વિશ્વનું સર્જન ન કરી શકો. જો આ અંધાધૂંધીમાંથી બહાર આવી સુવ્યવસ્થા સ્થાપવી હોય તો જૂના માળખાને, એટલે કે જૂના અને કહેવાતા નવા માળખાને તોડવું સહુથી જરૂરી છે. એટલે જ તો મનની વિચારવાની રીતને જાણવી સમજવી અનિવાર્ય છે.

શું મન માટે માળખા વગર રહેવું સંભવ છે, ઇચ્છાની આ આગળ પાછળ ઝોલાં ખાવાની આદતથી મુક્ત થવું સંભવ છે? તે ચોક્કસ સંભવ છે, એ માટેની ક્રિયા વર્તમાનમાં રહેવાની ક્રિયા છે. જીવવું એટલે કે આશા વગર, આવતી કાલની ચિંતા વગર રહેવું, તે નિરાશા કે બેપરવાઇ નથી. પરંતુ આપણે જીવતા નથી. આપણે હમેશાં મૃત્યુની પાછળ, ભૂતકાળમાં કે ભવિષ્યમાં, જીવીએ છીએ. જીવવું એ જ મહાન ક્રાંતિ છે, જીવનને કોઇ માળખું નથી હોતું, પણ મૃત્યુને ભૂતકાળ અથવા ભવિષ્યકાળ હોય છે, જે હતું તે અને રામરાજ્ય જેવી કલ્પના. તમે રામરાજ્ય જેવી કલ્પનામાં એટલે કે ભવિષ્યમાં રાચો છો તેથી તમે મૃત્યુને જીવો છો જીવન નથી જીવતા.

*The Book of Life - Daily Meditations with Krishnamurti*, 25 Sept.

# મૂલભૂત પરિવર્તન કેવી રીતે કરવું?

**એ**મ લાગે છે કે આ પ્રશ્નમાં સહુથી મુશ્કેલ સમસ્યા પોતાની અંદર મૂળભૂત પરિવર્તન કેવી રીતે કરવું એ છે. આપણે ઘણીવાર એવું વિચારીએ છીએ કે વ્યક્તિનું રૂપાંતરણ બહુ મહત્ત્વનું નથી, તેને બદલે આપણે સહુના, સમગ્રના રૂપાંતરણ માટે પ્રયત્ન કરવો જોઇએ. હું વિચારું છું કે એ વિચાર ભૂલભરેલો છે. મને લાગે છે કે રૂપાંતરની શરૂઆત વ્યક્તિ જેવું કાંઇ હોય તો વ્યક્તિગત સ્તરે જ થવી જોઇએ. એટલે કે તમારામાં અને મારામાં પરિવર્તન થવું જોઇએ.

આપણે જોઇ શકીએ કે સભાનપણે થયેલું પરિવર્તન એ પરિવર્તન જ ન કહેવાય. કોઇ માળખામાં રહીને ઇરાદાપૂર્વક સ્વ-પરિવર્તન કરવાની પ્રક્રિયાથી વાસ્તવિક પરિવર્તન થઇ ન શકે કારણ કે તે એક પ્રતિક્રિયાના સ્વરૂપમાં પોતાની ઇચ્છાનો પડઘો માત્ર છે. છતાં આપણે, આપણામાંથી મોટા ભાગના પરિવર્તનનાં પ્રશ્ન વિષે ચિંતિત છે કારણકે આપણે અંધારામાં ફાંફાં મારીએ છીએ, આપણે ગૂંચવાયેલા છીએ. અને આપણામાંથી જેઓ થોડાઘણા પણ ગંભીર હોય તેમણે આપણામાં પરિવર્તન કેવી રીતે લાવી શકાય તે વિષે આ પ્રશ્નમાં અનિવાર્યપણે ઊંડી તપાસ કરવી જોઇએ. મને લાગે છે કે તેમાં એ હકીકત સમજવામાં મુશ્કેલી પડે છે કે અનુબંધિત મનમાં કોઇપણ પરિવર્તન કરવા જઇએ ત્યારે બીજું અનુબંધન ઊભું થઇ જાય છે અને રૂપાંતરણ નથી થતું. જો હું હિંદુ, ખ્રિસ્ત અથવા તમે કહો તે તરીકે માળખામાં રહીને પરિવર્તન કરવાનો પ્રયત્ન કરું તો તે વાસ્તવિક પરિવર્તન છે જ નહીં; કદાચ દેખીતી રીતે તે વધારે સારું લાગે, વધારે સગવડ ભરેલું લાગે, અનુબંધન સાથે વધારે અનુકૂળ આવે તેવું લાગે પરંતુ મૂળભૂતપણે તે પરિવર્તન છે જ નહીં. મને લાગે છે કે આપણે જેનો સામનો કરવો પડે છે તેવી સહુથી મોટી મુશ્કેલી એ છે કે આપણે એમ માનીએ છીએ કે આપણે આપણાં માળખામાં રહીને પરિવર્તન કરી શકીએ છીએ - જ્યારે નિશ્ચિતપણે જે મન સમાજ દ્વારા, સંસ્કૃતિના કોઇપણ સ્વરૂપદ્વારા, માળખામાં રહીને જ પરિવર્તન કરવાના સભાનપણે પરિવર્તનના પ્રયાસો કરે તો તે પણ માળખાની અંદર રહીને થતી પ્રક્રિયા જ છે. જો આ વાત એકદમ સ્પષ્ટ થઇ ગઇ હોય તો મને લાગે છે કે રૂપાંતરણ એટલે શું એ શોધવા માટેની આપણી તપાસ, આપણામાં મૂળભૂત પરિવર્તન કેવી રીતે થઇ શકે એ મુદ્દો બહુ જ રસપ્રદ બની જાય. એ જ તો અનિવાર્ય મુદ્દો છે. કારણ કે સંસ્કૃતિ-એટલે કે આપણી આસપાસનો સમાજ ક્યારેય ધાર્મિક માણસ ન આપી શકે; તે ધર્મને પોષી શકે, પરંતુ તે ધાર્મિક માણસ ન આપી શકે.

તેથી, હું કહી રહ્યો હતો તેમ કોઇપણ સંસ્કૃતિ માત્ર ધર્મ આપી શકે. ધાર્મિક માણસ નહીં. અને મને લાગે છે કે માત્ર ધાર્મિક માણસ જ પોતાની અંદર સ્વયં મૂળભૂત પરિવર્તન લાવી શકે. કોઇ ખાસ સંસ્કૃત દ્વારા અનુબંધિત મનથી થતાં કોઇપણ પરિવર્તનો, કોઇપણ ફેરફાર વાસ્તવિક પરિવર્તન નથી; એ તો એની જ વસ્તુનું સુધરેલું સાતત્ય છે. આ દેખીતું છે એમ મને લાગે છે, જો આપણે તેને વિષે વિચારીએ કે અત્યાર સુધી હું હિંદુ, ખ્રિસ્તી, બૌદ્ધ અથવા તમે જે કહો તે માળખામાં રહીને કોઇપણ પરિવર્તન કરું તો તે સભાન પરિવર્તન છે અને તે મૂલભૂત પરિવર્તન કેવી રીતે કરવુ? તેથી પ્રશ્ન એ થાય છે કે: શું હું અચેતન મનથી પરિવર્તન લાવી શકું? એટલે કે કાં તો હું સભાનપણે મારાં જીવનના માળખાને બદલવાની શરૂઆત કરું, મને લાગે છે કે તેમાં સભાનપણે મારાં પૂર્વગ્રહો દૂર કરવા, પૂર્વનિર્ધારિત વિષયો, ઇરાદાપૂર્વક આદર્શ શોધવાનાં પ્રયત્નોની પ્રક્રિયા વગેરે છે અથવા તો પછી હું મારી ભીતર, મારાં અચેતન મનમાં ડૂબકી મારીને પરિવર્તન કરું. એટલું તો ચોક્કસ છે કે આ બંને અભિગમમાં પ્રયત્નની સમસ્યા તો રહેલી જ છે. હું જોઉં છું કે મારે વિવિધ કારણોસર જુદા જુદા હેતુસર બદલાવું જોઇએ-માટે હું સભાનપણે બદલાવા તૈયાર થાઉં છું. પછી મને સમજાય છે કે જો હું એ બધાં વિષે વિચારું તો - કે એ વાસ્તવિક પરિવર્તન નથી માટે હું મારી ભીતર ડૂબકી લગાવું, તેમાં બહુ ઊંડો ઊતરું. મારામાં પરિવર્તન લાવવા માટે અને એવી આશાથી વિશ્લેષણ કરું કે વધારે ગહન જઇ તેને અનુકૂળ બની જાઉં. ત્યારે હું મને પોતાને જ પૂછું છું કે મારામાં પરિવર્તન કરવાના મારા આવા પ્રયત્નોથી ખરેખર મારું પરિવર્તન થાય છે ખરું? કે પછી ધરમૂળથી પરિવર્તન લાવવા માટે આપણે ચેતન કે અચેતન મનની પેલે પાર જવું પડે છે? તમે જુઓ છો કે પરિવર્તનની આ ક્રિયામાં ચેતન મનની ઇચ્છા કે અચેતન મનની પ્રેરણામાં પ્રયત્ન રહેલો છે. જો તમે તેમાં ગહનપણે ઊંડા ઊતરો તો તમને જણાશે કે પોતાને બીજા કશામાં બદલવાના પ્રયત્નમાં હંમેશાં પ્રયત્ન કરનાર અને સ્થિર રહેનાર હોય છે કે જેનાં ઉપર એ ક્રિયા થાય છે. આમ પરિવર્તન કરવાની ઇચ્છાની પ્રક્રિયામાં-ભલે પછી તે પ્રક્રિયા ચેતન કે અચેતન મનની હોય પણ તેમાં વિચારક અને વિચાર હોય છે. વિચારક પોતાનો વિચાર બદલવાનો પ્રયત્ન કરે છે. અહીં આવું દ્વૈત ઉદ્ભવે છે. અને આપણે હંમેશાં, પ્રયત્નપૂર્વક કાયમ આ બે વચ્ચેનું અંતર ઘટાડવાની કોશિશ કરીએ છીએ. હું મારાં પોતાનાં ચેતન અને અચેતનમાં જોઉં છું કે પ્રયત્ન કરનાર અને તે જેને બદલવા ઇચ્છે છે તે હોય છે. અહીં હું જે છું તે અને હું જેમાં પરિવર્તિત થવા માગું છું તે - એ બે વચ્ચે વિભાજન ઉદ્ભવે છે. હું જે છું તે અને હું જે બનવા ઇચ્છું છું તેની વચ્ચે વિભાજન ઉદ્ભવે છે અને તેથી બંને વચ્ચે ઘર્ષણ ઉદ્ભવે છે, એનો અર્થ એ થયો કે વિચારક અને વિચાર વચ્ચે વિભાજન ઉદ્ભવે છે. અને વિચારક, સભાનપણે કે અભાનપણે હંમેશાં આ ઘર્ષણ ટાળવાનો પ્રયત્ન કરે છે.

આપણે આ પ્રક્રિયાથી સારી રીતે પરિચિત છીએ; આપણે બધો સમય એ જ તો કરતાં હોઇએ છીએ; આપણું આખું સામાજિક બંધારણ, આપણું નૈતિક ઘડતર, આપણી પરિસ્થિતિને અનુકૂળ થઇ જવાની ટેવ વગેરે વગેરે તેનાં પર જ આધારિત છે. પરંતુ તેથી શું પરિવર્તન થાય છે? જો ન થતું હોય તો શું પરિવર્તન કોઇ તદ્દન નવા જ સ્તરે ન થતું હોવું જોઇએ? એવાં કોઇ સ્તરે કે જે ચેતન અને અચેતન સ્તર કરતાં જુદા જ ક્ષેત્રનું હોય?

એ તો ચોક્કસ છે કે મનનું સમગ્ર ક્ષેત્ર, ચેતન કે અચેતન, આપણી વિશિષ્ટ સંસ્કૃતિ દ્વારા અનુબંધિત છે આ બિલકુલ સ્વાભાવિક બાબત છે. જ્યાં સુધી હું હિંદુ, બૌદ્ધ, ખ્રિસ્ત અથવા તમે કહો તે સંસ્કૃતિ કે જેમાં મારો ઉછેર થયો છે તેમાં હોઉં ત્યારે તે મારા સમગ્ર અસ્તિત્વને અનુબંધિત કરે છે. મારું સમગ્ર અસિત્તવ એટલે મારું ચેતન અને અચેતન મન, અચેતન મનનાં ક્ષેત્રમાં બધી પરંપરા, ભૂતકાળના બધાં માણસોના વિચારો, વારસામાં મળેલા તેમજ પ્રાપ્ત થયેલા વિચારોનો સમાવેશ થાય છે; અને ચેતના મનનાં ક્ષેત્રમાં હું બદલવાનો પ્રયત્ન કરું છું. આવો બદલવાનો પ્રયત્ન મારા અનુબંધનો

(પાન ૭ પર...

# કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન વાર્ષિક સંમેલન – ૨૦૧૪

**કૃ**ષ્ણમૂર્તિ ફાઉન્ડેશનનું વાર્ષિક સંમેલન આ વર્ષે મહારાષ્ટ્રમાં સહ્યાદ્રિ અધ્યયન કેન્દ્ર ખાતે ૨૦ નવેમ્બર થી ૨૩ નવેમ્બર, ૨૦૧૪, દરમિયાન આયોજિત કરવામાં આવ્યું હતું. ભારતનાં દરેક રાજ્યમાંથી લગભગ ૨૪૦ જેટલા શિબિરાર્થીઓ આ સંમેલનમાં ઉપસ્થિત રહ્યા હતા.

સંમેલનનો વિષય 'મુક્તિ અને પહેલું પગલું' (ફ્રીડમ એન્ડ ધ સર્ટ સ્ટેપ) હતો. રોજ સવારે ૮.૪૫ કલાકે મને પ્રસન્ન કરી દેતો 'ગીત ગુંજન' કાર્યક્રમથી સંમેલનના બીજા કાર્યક્રમોની શરૂઆત થતી હતી.

પ્રથમ દિવસે ૨૦ નવેમ્બરે પ્રારંભિક પ્રવચનમાં પ્રા. પિ. કૃષ્ણએ આ સંમેલનના વિષય વિષે જણાવ્યું- પ્રયત્ન કરવાથી મુક્તિ મળતી નથી, મુક્તિનો અર્થ સમજાવો જોઇએ. જ્યાં સુધી માન અનુબંધિત રહે ત્યાં સુધી મુક્તિ શક્ય નથી. તેનું અવલોકન કરવાથી કદાચ મુક્તિ મળી શકે, તેમના વક્તવ્ય પછી શ્રોતાવર્ગ સાથે સારા એવાં પ્રશ્નોત્તર થયા હતા.

ત્યારબાદ સંમેલનમાં આવેલાં શિબિરાર્થીઓની એકબીજા સાથે વાતચીત થઇ હતી. આ વાતચીતમાં જે કોઇને આ વિષય અંગે કોઇ પ્રશ્ન કે સંદેહ હોય તેણે સમજવાનો પ્રયત્ન થતો હતો. અને સહુની શંકાનું સમાધાન કરવામાં આવ્યું હતું.

બીજે દિવસે કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશનનાં સેક્રેટરી શ્રી કંદાસ્વામીનું પ્રવચન હતું. માણસો માટે પોતાનાં પરંપરાગત સંસ્કારોથી મુક્ત થવું કેટલું મુશ્કેલ છે તેનું રોજ -બ–રોજના જીવનમાંથી ઉદાહરણ ટાંકી તેમણે સારી રીતે સમજાવ્યું, માણસનું માન અનેક રીતે અનુબંધિત છે. અને તેમાં જ તેમની બધી શક્તિ વેડફાઇ જાય છે માટે આવાં અનુબંધનોમાંથી મુક્તિ મેળવવી જોઇએ. આ મુક્તિ મેળવવા માટે પ્રચંડ શક્તિની જરૂર છે. મુક્તિ મેળવવા માટે મુક્તિનો અર્થ સાચી રીતે સમજાવો જોઇએ.

કૃષ્ણમૂર્તિનાં શિક્ષણ પ્રમાણે આ મુશ્કેલ બાબતને સમજવી બહુ જરૂરી છે. તેમનું વક્તવ્ય હૃદયસ્પર્શી હતું. વક્તવ્યને અંતે પ્રશ્નોત્તરી પણ થઇ હતી.

ત્યારબાદ કૃષ્ણજીનાં ઓહાઇનાં વાર્તાલાપની ડીવીડી દેખાડવામાં આવી હતી. આ વાર્તાલાપમાં કૃષ્ણમૂર્તિએ શિક્ષણ વિશેના તેમના મનનીય વિચારો વ્યક્ત કર્યા છે.

તે જ દિવસે, એટલે કે ૨૧ નવેમ્બરની રાત્રે એક અત્યંત દુ:ખદ ઘટના બની ગઇ. મુંબઇથી આવેલાં શિબિરાર્થી શ્રી દીપક જૈનને હૃદયરોગનો તીવ્ર હુમલો આવતાં તેમની સારવાર દરમિયાન જ તેમનું મૃત્યુ થયું. એક ખૂબ જ મળતાવડા અને મિતભાષી સ્વભાવના મિત્રનું આમ આકસ્મિક મૃત્યુ થવાથી સંમેલનમાં દુ:ખ અને શોકની લાગણી ફેલાઇ ગઇ.

ત્રીજે દિવસે તા.૨૨ નવેમ્બરે સવારે પેનલ ચર્ચા થઇ. આ ચર્ચાનું સંચાલન શ્રી કબીર જયતીર્થે સંભાળ્યું હતું. શ્રી અમરીશકુમાર, ડૉ. અભિજિત પડતે, શ્રી સિદ્ધાર્થ મેનન અને શ્રી પી. રમેશ આ ચર્ચામાં સહભાગી થયા હતા. તેમણે અનેક વિષયો ઉપર ચર્ચા કરી અને તેણે અંતે પ્રશ્નોત્તર પણ થયા હતા. બપોરે ગ્રુપ ચર્ચા થઇ. આ વખતે ચર્ચા વિભાગ પ્રમાણે થઇ. તેમાં તામિલ, મલયાલમ, કન્નડ અને મરાઠી શિબિરાર્થીઓ પોતપોતાની ભાષામાં ચર્ચા કરતા હતા.

ભોજન બાદ બધાં શિબિરાર્થીઓ અહીં આવેલાં ભીમાશંકર ફરવા ગયા હતા. સાંજે શ્રીમતી ગીતા ગુલવાડીએ અહીં કર્ણપ્રિય શાસ્ત્રીય ગાયન અને ભજન પ્રસ્તુત કર્યા હતા. આ કાર્યક્રમમાં સારી એવી રંગત જામી હતી અને તેમાં બધાં જ શિબિરાર્થીઓએ હાજરી આપી હતી તેમ જ સહુએ આ કાર્યક્રમને મનભરીને માણ્યો હતો.

ચોથે દિવસે સવારે ડૉ. શિરાળીએ સમાપન ભાષણ કર્યું હતું. તેમાં તેમણે આખી યે માનવજાત હજારો વર્ષોથી અનુબંધનોમાં જકડાયેલી છે. અને આજે પણ તે કેટલી અનુબંધિત છે તેના પર આક્રોશ વ્યક્ત કર્યો હતો. ત્યારબાદ તેને અનુરૂપ પ્રશ્નોત્તર થયા હતા.

સહ્યાદ્રીના રમણીય પર્વત પર નૈસર્ગિક વતાવરણમાં એકઠા થયેલા શિબિરાર્થીઓએ મુક્ત મને એકબીજા સાથે પોતાના વિચારો ની આપ લે કરી અને સહુ પરસ્પર હળીમળીને છૂટા પડયા.

## કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર – કટક



**ઓ**ડિસા રાજ્યમાં કટક ખાતે આવેલું કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર જુલાઇમાં ૨૦૦૩ થી શરૂ થયું છે. ૫૦ વર્ષ પહેલાં 'સેલ્ફ એજ્યુકેશન ટ્રસ્ટ, નામથી તે શરૂ થયું હતું અને તે અધ્યયન કેન્દ્રનું ૨૦૦૩ નાં વર્ષમાં કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશનમાં વિલીનીકરણ થયું હતું.

ભુવનેશ્વરથી ૨૫ કિ.મિ. દૂર કાઠજોરી નદીને કિનારે નયનરમ્ય વાતાવરણમાં આ કેન્દ્ર સ્થિત છે. અહીં કૃષ્ણમૂર્તિના બધાં અંગ્રેજી પુસ્તકો, ડીવીડી, સીડી તેમજ ઉડિયા અને હિન્દી ભાષામાં કૃષ્ણજીના અનુદિત પુસ્તકો ઉપલબ્ધ છે. આ કેન્દ્રોમાં પુસ્તકો વાંચવા માટે સારી સગવડતા છે. તેમ જ આ કેન્દ્રમાં અભ્યાસુઓ માટે રહેવાની સુવિધા પણ છે.

આ કેન્દ્ર કૃષ્ણમૂર્તિના અંગ્રેજી પુસ્તકોનું ઉડિયા ભાષામાં અનુવાદ કરાવવાની જવાબદારી સંભાળે છે અને અત્યાર સુધીમાં તેણે લગભગ ૭૦ પુસ્તકોના અનુવાદ પ્રકાશિત કર્યા છે. તેમાંથી દસેક પુસ્તકો રૂ. ૧૦/- કે રૂ.૨૦/- સુધીની કિંમતના છે. તેની પાછળ પ્રામાણિક આશય એવો છે કે કૃષ્ણજીનું શિક્ષણ સામાન્ય માણસો સુધી પહોંચે.

આ કેન્દ્ર દ્વારા ઉડિયા રાજ્યના દરેક જિલ્લામાં દર વર્ષે કૃષ્ણજીના પુસ્તકોનું પ્રદર્શન અને વેચાણનું આયોજન કરવામાં આવે છે. તદ્ઉપરાંત શાળાઓ અને કોલેજોમાં પણ તેમના પુસ્તકોના પ્રદર્શનનું આયોજન કરવામાં આવે છે. આ કેન્દ્ર ૨૦૧૧ થી ઉડિયા ભાષામાં 'જીવનકથા'નામનાં સામયિકનું પણ પ્રકાશન કરે છે. તેનું વર્ષમાં ત્રણવાર પ્રકાશન થાય છે. આ કેન્દ્ર સંપૂર્ણ પૂર્વભારતમાં અસરકારકપણે કૃષ્ણમૂર્તિનાં શિક્ષણને વધારેમાં વધારે લોકો સુધી પહોંચાડવાનું સુંદર કાર્ય કરે છે.

## પુસ્તક પરિચય

## The Whole Movement of Life is Learning

કૃષ્ણમૂર્તિના શૈક્ષણિક વિષયને લગતા પુસ્તકોમાં ‘ધ હૉલ મુવમેન્ટ ઓફ લાઇફ ઇઝ લર્નિંગ’ બહુ જ મહત્વનું છે. તેમાં તેમનો શિક્ષણને લગતો દષ્ટિકોણ રજૂ કરવામાં આવ્યો છે. આ પુસ્તકમાં તેમનાં ફાઉન્ડેશનની વિશ્વભરમાં ફેલાયેલી શાળાઓના શિક્ષકોને ઉદ્દેશીને તેમણે લખેલા ૭૨ પત્રોને ગ્રંથસ્થ કરવામાં આવ્યા છે. આ પત્રોમાં શાળા અને શિક્ષકો વિષે તેઓ કેટલી કાળજી અને પ્રેમ ધરાવતા હતા તેનું દર્શન થાય છે.




આજની આપણી શિક્ષણપ્રથાએ વિદ્યાર્થીઓની બુદ્ધિ અને જ્ઞાનને અયોગ્ય રીતે વધારે પડતું મહત્વ આપીને શિક્ષણને ખૂબ જ સ્પર્ધાત્મક બનાવી મૂક્યું છે. તેમાં બાળકોનો એકાંગી વિકાસ જ થાય છે. તેમાં જીવનને સમગ્રપણે જોવાની દષ્ટિ પ્રત્યે દુર્લક્ષ્ય સેવવામાં આવે છે. તેઓ કહે છેઃ ‘જેવા આપણા વિચારો તેવા આપણા બધા વ્યવહારો, જેવા આપણા કાર્યો અને સંબંધો તેવું આપણું વર્તન. અયોગ્ય શિક્ષણથી હિંસા, ભય, સંઘર્ષ અને દુઃખ ઉદ્ભવે છે. આ પ્રકારની શાળાઓમાં બાળકો જે જુએ છે તે શીખે છે. વિદ્યાર્થીઓને શાળાના શિક્ષક ઉપર ભરોસો છે કે નહીં તે જોવું જોઇએ. વિદ્યાર્થીઓમાં ‘હું’ નામની મર્યાદિત અને ભ્રમિત શક્તિ છે. આ શક્તિને મુક્ત કરીને તેમનું ભવિષ્ય કેવી રીતે ઉજ્જવળ બનાવવું તેની ચિંતા આપણને સહુને હોવી જોઇએ. આ પુસ્તકમાં કૃષ્ણમૂર્તિનાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ સાથેના પ્રેમપૂર્ણ સંવાદો છે. જીવનની ગંભીર સમસ્યાઓ જેવી કે ભય, મોહ, દ્વેષ, સ્પર્ધા, ઈર્ષ્યા અને દુઃખ વિષે શિક્ષકો સમજ મેળવે અને સાથે સાથે વિદ્યાર્થીઓને પણ સમજાવે એ જરૂરી છે. તેમાં બાળકોને રસ, રૂચી, મનને કેળવવાની સ્વતંત્રતા અને ભયમુક્ત વાતાવરણ તેમને મળે એવી રીતે શિક્ષણ આપવું જોઇએ. દરેક શાળાની તેમજ શિક્ષકોની આ બહુ જ મોટી જવાબદારી છે. માત્ર મસ મોટાં પગારની નોકરી કે પ્રતિષ્ઠા મેળવવા માટે જ અભ્યાસ કરવો જોઇએ એવું નથી. પરંતુ સમગ્ર જીવનમાં અલૌકિક આનંદ મેળવવા માટે બાળકોના મનનો વિકાસ થાય તેવી કેળવણી તેમને મળવી જોઇએ.

કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન દ્વારા પ્રકાશિત આ અંગ્રેજી પુસ્તક મુંબઇ કેન્દ્ર પરથી મળી શકશે. રસ ધરાવતા જિજ્ઞાસુઓએ પણ અવશ્ય વસાવવા જેવું આ પુસ્તક છે.

**અધિકૃત વેબસાઇટઃ** www.jkrishnamurti.org

**કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઇંડિયા,** વસંત વિહાર, ૧૨૪ ગ્રીનવેજ રોડ, ચેન્નઇ ૬૦૦ ૦૨૮.
Email : thestudykfi@yahoo.com • Website: http: www.kfionline.org
કૃષ્ણમૂર્તિના વાર્તાલાપ અને સંવાદોની ડીવીડી તમે ઓર્ડર દ્વારા મંગાવી શકો છો. જેની યાદી વેબસાઇટ પર ઉપલબ્ધ છે.

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, બેંગલુરુઃ** ધી સ્ટડી વેલી સ્કૂલ કેમ્પસ,૧૭ કિ.મી. કનકપૂરા રોડ, થાતગુણી પોસ્ટ બેંગલુરુ ૫૬૦૦૬૨.
૧૨-૧૫ ફેબ્રુ. ૨૦૧૫ Silence, Stillness, & Meditation ૧૨-૧૫ માર્ચ ૨૦૧૫ What does FEAR do to you?
૦૯-૧૨ એપ્રિલ ૨૦૧૫ Karnataka JK Shibira: Significance of 'Living in the Here & Now'
ટે.નં. (૦૮૦) ૨૮૪૩૫૨૪૩. • Email : kifistudy@gmail.com. • Website : www.kfistudy.org

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર રાજઘાટ-વારાણસી,** કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઇન્ડિયા, રાજઘાટ ફોર્ટ વારાણસી ૨૨૧ ૦૦૧
ટેલિફોન નં. (૦૫૪૨) ૨૪૪૧૨૮૯ / ૨૪૪૦૪૫૩. • Email : kcentrevns@gmail.com. • Website : www.j-krishnamurti.org

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર સહ્યાદ્રિ,** પોસ્ટ-તિવઇ હિલ, તાલિકા ખેડ, (રાજગુરુ નગર, જિ. પૂના ૪૧૦૫૧૩, મહારાષ્ટ્ર)
ટે.નં. (૦૨૧૩૫) ૨૮૮૭૭૨, ૨૮૮૩૪૮, ૨૦૩૪૭૫. • Email :kfisahyadri.study@gmail.com • Website : http:/www.kscskfi.com

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, ઋષિ વેલી,** જિ. ચિત્તૂર, આંધ્રપ્રદેશ - ૫૧૭૩૫૨
ટે.નં. (૦૮૫૭૧) ૨૬૦૩૭/૬૮૬૨૨/૬૮૫૮૨. • Email : study@rishivalley.org. • website : http:/www.rishivalley.org.

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, ઉત્તરકાશી,** પોસ્ટ રાનારી, ડુંડા બ્લોક, જિ. ઉત્તરકાશી ૨૪૯૧૫૧
ટે.નં (૯૪૧૨૪) ૩૬૪૨૯/૯૪૧૫૯ ૮૩૬૯૦ • Email : krc.himalay@gmail.com
website : http/www.jkrishnamurtionline.org. (ભારતીય ભાષામાં સંકેત સ્થળ)

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, કોલકત્તા,** કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન ઇન્ડિયા, ૩૦,દેવદાર સ્ટ્રીટ, કોલકત્તા ૭૦૦ ૦૧૯.
ટે.નં. (૦૩૩) ૪૦૦૮૨૩૯૮ • Email: kfikolkata@gmail.com

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કટક-ઓરિસા કેન્દ્ર,** પૂરીઘાટ રોડ, તેલંગા બજાર, કટક ૭૫૩૦૦૯, ઓરિસા
ટે.નં. (૦૬૭૧) ૬૪૧૭૯૯૦ • Email: kficuttackcentre@sify.com • website :www.kficc.org

**કૃષ્ણમૂર્તિ અધ્યયન કેન્દ્ર, બદલાપુરઃ** આનંદવિહાર, જે. કૃષ્ણમૂર્તિ સેલ્ફ એજ્યુકેશન સોસાયટી, જાંભિળઘર, રાહાટોલી ગામની નજીક, બદલાપુર(પ્ર). તા. થાણા, પીનકોડ ૪૨૧૫૦૩, મહારાષ્ટ્ર.
ટે.નં. (૦૨૨) ૨૫૦૧૪૦૯૪, ૨૪૨૨૩૧૯૯. • Email: jksesbadlapur@gmail.com • website: www.jkses.org

# શું કોઇપણ માળખા વગર જીવવું સંભવ છે ?

**કો**ઇપણ વ્યક્તિ બહુ સહેલાઇથી એવાં રસ્તાનો સ્વીકાર કરી લે છે કે જે સહુથી સંતોષ આપતો હોય, જે સહુથી સગવડભર્યો હોય અને જે સહુથી વધારે આનંદદાયક હોય, એ ઘરેડમાં ગોઠવાઇ જવાનું બહુ સરળ હોય છે. અને સત્તા તમારા પર આધિપત્ય ધરાવે છે, ધાર્મિક અને માનસિક પદ્ધતિના નિયમો ઘડે છે, એક એવી પદ્ધતિ કે જેનાં દ્વારા અથવા જેના આધારે તમને એમ કહેવામાં આવે છે કે તમને સલામતી મળશે. પણ જો કોઇ એ જુએ કે આવી કોઇ સત્તા પાસે સલામતી નથી, તો તે શોધી શકે કે કોઇપણ માર્ગદર્શન વગર, કોઇપણ નિયંત્રણ વગર, માનસિકપણે કોઇ પ્રકારનો પ્રયત્ન કર્યા વગર જીવવું શક્ય છે કે નહીં. તેથી આપણે એ શોધી કાઢવાના છીએ અને એ જોવાના છીએ કે આ વાતનું સત્ય જાણવા માટે મન મુક્ત થઇ શકે કે નહીં, કે જેથી આપણે ક્યારેય કોઇપણ સંજોગોમાં, કોઇ સત્તાના માળખાને માનસિકપણે અનુસરીએ નહીં.

જ્યારે આપણે ધાર્મિક કે માનસિકપણે કોઇ માળખાને અનુસરીએ, અથવા આપણે પોતે પોતાને માટે નક્કી કરેલાં માળખાને અનુસરીએ ત્યારે હંમેશાં પોતે ખરેખર જે છે તે અને જે માળખાને તે અનુસરે છે તેની વચ્ચે વિરોધાભાસ ઊભો થાય છે. ત્યારે હંમેશાં ઘર્ષણ થાય છે અને તે અવિરત ચાલ્યા કરે છે. જો આપણે એક માળખાથી ધરાઇ ગયાં હોઇએ તો આપણે બીજા માળખાને અનુસરીએ છીએ. આપણને આ આદર્શો, માળખાં, તારણો, માન્યતાઓ વગેરેથી ઊભા થતાં ઘર્ષણનાં ક્ષેત્રમાં જીવન શિક્ષણ આપવામાં આવે છે. માળખાને અનુસરવામાંથી આપણે ક્યારેય ઊંચાં જ નથી આવતાં અને તેનાથી મુક્ત થઇ શકતા નથી. આપણે ક્યારેય એ જાણવા પામતાં નથી કે કરુણા શું છે અને આપણે પોતાને મહત્ત્વ આપતા રહીને હંમેશાં લડયા કરીએ છીએ. પોતાને સુધારવાના ખ્યાલમાં આપણે પોતાને અસાધારણ મહત્ત્વ આપવા લાગીએ છીએ.

તો શું કોઇપણ માળખા વગર જીવવું સંભવ છે? તેથી સમગ્ર માનવજાતનું પ્રતિનિધિત્વ ધરાવતા માણસે આ વાતનું સત્ય કેવી રીતે શોધી કાઢવું ? કારણ કે જો માનવીની ચેતના ધરમૂળથી, ગહનપણે સદંતર બદલાઇ જાય - તેના કરતાં જો ચેતનામાં ક્રાંતિ થઇ જાય - તો તેની ચેતના સમગ્ર માનવજાતની ચેતનામાં ક્રાંતિ સર્જી શકે.

આ સમસ્યાને આપણે કેવી રીતે સમજી શકીએ; કઇ ક્ષમતાના આધારે આપણે તપાસ કરીએ છીએ? તપાસ કરવા માટે મનનું હેતુથી મુકત હોવું જરૂરી છે, જો આપણે આધિપત્યનાં પ્રશ્નની તપાસ કરવા માગતા હોઇએ તો આપણી પૂર્વભૂમિકા કહે છેઃ આપણે તેની આજ્ઞાનું પાલન કરવું જોઇએ, મારે તેને અનુસરવું જ જોઇએ; અને આ પ્રક્રિયામાં આપણો ભૂતકાળ હંમેશાં વચ્ચે આવે છે, અને તે આપણી તપાસને બગાડી મૂકે છે. શું આપણે આપણા ભૂતકાળથી મુકત થઇ શકીએ કે જેથી તે આપણી તપાસમાં કોઇપણ રીતે અવરોધક ન બને? સત્ય શોધવાની આપણી તાત્કાલિક જરુરિયાતનાં સંદર્ભમાં આપણે આપણા ભૂતકાળને એકબાજુ મૂકી શકીએ; એ વિષે આપણી ઉત્કટતા એટલી તીવ્ર છે કે ભૂતકાળ વચ્ચે આવતો જ બંધ થઇ જાય, જો કે એ ભૂતકાળ. આપણું શિક્ષણ, આપણાં યુગો જૂનાં અનુબંધનો એટલા તો મજબૂત હોય છે કે જાગૃત રહીને આપણે તેની સામે લડી શકીએ નહીં અને આપણે જોઇએ છીએ કે ભૂતકાળની સામે લડવામાં આપણે તેને વધારે મજબૂત કરીએ છીએ.- અને છતાં આધિપત્યના સત્યને શોધવાની આપણી ઉત્કટતા જ એ ભૂતકાળને આપણાથી દૂર રાખે છે; તેથી હવે તે આપણાં મનને બહુ અડચણરૂપ નથી બનતો.

આ બાબતનું સત્ય શોધી કાઢવા માટે આપણામાં પ્રચંડ શક્તિ (ઊર્જા) હોવી જરૂરી છે. મોટેભાગે, આ શક્તિ 'જે છે' તે અને 'જે હોવું જોઇએ' એ તો જાણે 'જે છે' એ હકીકતને ટાળવાની વૃત્તિ છે, વાસ્તવિકતાથી પલાયન છે, અથવા વિચાર જ્યારે 'જે છે' તેનો સામનો કરવા સમર્થ નથી હોતો ત્યારે 'જે હોવું જોઇએ' જેવી વાતો ઉપજાવે છે અને તેનો ઉપયોગ 'જે છે' તેનાથી બચવા માટે કરે છે. તેથી , શું કોઇ હેતુ વગર, તેને બદલ્યા વગર કે તેનું રૂપાંતર કર્યા વગર, તમે કે બીજાએ પ્રસ્થાપિત કરેલાં કોઇ ચોક્કસ માળખામાં ફિટ થયા વગર જોવું, નિરીક્ષણ કરવું શકય છે? ભલે પછી અંતે ગમે તે થાય. જો આપણે તેમ કરી શકીએ તો એ ભૂતકાળ ઝાંખો પડી શકે, દૂર થઇ શકે. જો આપણે સમજવા માટે બહુ જ ઉત્સુક હોઇએ તો આપણે આપણને ખુદને પણ ભૂલી જઇએ છીએ, આપણે એ પણ ભૂલી જઇએ છીએ કે આપણે હિંદુ છીએ કે ખ્રિસ્તી કે બૌદ્ધ છીએ. આપણે એવી બધી પાર્શ્વભૂમિ ભૂલી જઇએ છીએ; તેથી એવી બધી બાબતો અદશ્ય થઇ જાય છે; એ ભૂતકાળ, એ હેતુ, બધું જ અદશ્ય થઇ જાય છે, કારણ કે અત્યારે આપણી વર્તમાન જરૂરિયાત તે શોધી કાઢવા માટેની છે.

એવી જરૂરી ઉત્કટતા ત્યારે જ આવે કે જ્યારે તે માટે કાર્ય કારણ ન હોય અને તેથી તેની પ્રતિક્રિયા પણ ન હોય. તે સૂચવે છે કે આપણી આ શોધમાં આપણે સાવ એકલા હોઇએ છીએ. એકલા હોવાનો અર્થ એકાકીપણું નથી, એનો અર્થ એવો નથી થતો કે આપણે આપણી જાતને દુન્યવી બાબતોથી વાળી લઇને આપણી આસપાસ કોઇ દીવાલ ચાલી લેવી. એકલા હોવું એટલે આપણે એક જ હોઇએ એવું. ત્યારે આપણે એવા માણસ હોઇએ છીએ કે જે સમગ્ર માનવજાતનું પ્રતિનિધિત્વ કરતો હોય, જેમાં તેની ચેતના સમજણપૂર્વક તદન બદલાઇ ગઇ હોય, અને તે બુદ્ધિ (પ્રજ્ઞા)ની જાગૃતિ છે. એ બુદ્ધિ માનસિક આધિપત્યને બિલકુલ ખતમ કરી દે છે; તે ખૂબ જ ઊંડે સુધી તેની સભાનાતાને અસર કરે છે.

શું કોઇ માળખા વગર, કોઇ ધ્યેય વગર, ભવિષ્યના કોઇ ખ્યાલ વગર, સંઘર્ષ વગરનું જીવન જીવવું શકય છે? તે ત્યારે જ શક્ય બને કે જ્યારે આપણે 'જે છે' તેની સાથે જ રહીએ, 'જે છે' તેની સાથે એટલે ખરેખર જે બની રહ્યું છે તેની સાથે રહીએ, તેની સાથે રહો; તેનું રૂપાંતર કરવાની કોશિશ ન કરો, તેની પેલે પાર જવા પ્રયત્ન ન કરો તેને નિયંત્રિત કરવાનો પ્રયાસ ન કરો, તેનાથી ભાગો નહીં, કેવળ તેને જુઓ, તેની સાથે રહો. જો તમે ઈર્ષ્યાળુ, લોભી કે અદેખા હો, તમારે કામન, ભય જેવી સમસ્યાઓ હોય કે બીજું જે કાંઇપણ હોય તેને કેવળ જુઓ, વિચારની કોઇપણ ક્રિયા વગર-તેનાથી દૂર જતાં રહેવાના વિચાર વગર તેને જુઓ. તેનો અર્થ શો? આપણે આપણી શક્તિને તેને નિયંત્રિત કરવામાં, દમન કરવામાં, સંઘર્ષ કરવામાં, પ્રતિકાર કરવામાં કે ભાગી

છૂટવામાં વેડફતા નથી. પહેલાં બધી શક્તિ તેમાં જ વેડફાઇ જતી હતી; હવે આપણે તેને એકઠી કરી છે, કારણકે આપણે તેની નિરર્થકતા જોઇ છે, તેનું અસત્ય, તેની અવાસ્તવિકતા જોઇ છે, હવે આપણી પાસે 'જે છે' તેની સાથે રહેવા માટેની શક્તિ છે; હવે આપણી પાસે વિચારની એકપણ ક્રિયા વગર નિરીક્ષણ કરવાની શક્તિ છે. વિચારે જ અદેખાઇ ઊભી કરી છે અને એ વિચાર જ છે જે કહે છે, 'મારે તેનાથી ભાગી છૂટવું જોઇએ, મારે તેનું દમન કરવું જોઇએ.' જો આપણે આ પલાયન, પ્રતિકાર, દમન વગેરેની વ્યર્થતા જોઇએ ત્યારે તેમાં જે શક્તિ વપરાતી હતી તે જણાય છે, હવે તે નિરીક્ષણ કરવા માટે એકત્રિત થાય છે. ત્યારે શું થાય છે?

*The Wholeness of Life* - II, પ્ર. ૨, ૧૯૭૭, ભાષણ ૨

## સ્વ નિરીક્ષણ

તમે પૂછેલા પ્રશ્નોને વિગતવાર જોઇએ તે પહેલાં શું હું તમને કેટલાક પ્રશ્નો પૂછું? શું હું તમને પ્રશ્નો પૂછી શકું? તમે પાકે પાયે હા કહો છો ને?

તમે અહીં શા માટે આવો છો? આ પૂછવા જેવો પ્રશ્ન છે. તમારાં અહીં આવવાનું શું કારણ છે? જિજ્ઞાસાથી? શું વક્તાએ સિત્તેર વર્ષમાં મેળવેલી પ્રતિષ્ઠાને લીધે તમે અહીં આવો છો? શું આ સ્થળના સૌંદર્યને લીધે. અહીંના અદ્‌ભુત પર્વતો, ખળખળ વહેતી નદીઓ, તેમાં પડતા ભવ્ય પડછાયા, અત્યંત સુંદર ટેકરીઓના ઢોળાવને લીધે તમે અહીં આવ્યા છો?કઇ વાત છે તમારા રોજિંદા જીવનને લગતી કોઇ ચિંતા, તમારી જીવન જીવવાની રીત, તમારી મુશ્કેલીઓ કદાચ દરેક પ્રકારની મુશ્કેલીઓ જેમ કે વૃધ્ધાવસ્થામાં મૃત્યુ, વિષય ભોગ કે જેનાથી આપણું મન ટેવાઇ ગયું છે તેવી કોઇ સમસ્યાઓથી તમે ઘેરાઇ ગયા છો? અને તમે એવી આશા રાખો છો કે કોઇ તમને કેવી રીતે જીવવું કેવી રીતે જાણવું, શું કરવું તે કહે? એવા જ કોઇ કારણે તમે અહીં આવ્યા છો? કે પછી અહીં બેસીને તમે કેવા છો એ વિષેનું તમારું પોતાનું નિરીક્ષણ કરવા અને એ તપાસવા માંગો છો કે તમે તેની પેલે પાર જઇ શકો તેમ છો કે નહીં? શું એ કારણે તમે અહીં આવ્યા છો?

કદાચ તમે આવા બધા પ્રશ્નોના જવાબો ન યે આપી શકો. પણ હું તમને પૂછું છું એટલે કે વક્તા તમને પૂછે છે કે તો પછી આ બધું શેને માટે છે? આવાં સંમેલનો સાનેનમાં પચીસ વર્ષથી ભરાય છે અને પચીસ વર્ષનો ગાળો આપણાં જીવનનો ઘણો મોટો ગાળો ગણાય. અને કોઇ તમને પ્રશ્ન પૂછે કે તે બધાને અંતે શું રહે છે? આપણાં જીવનમાં શું શું છે? શું તેમાં પરંપરાગત બીબાઢાળ પુનરાવર્તન સિવાયની કોઇ નવી વાત થઇ? આજે પચીસ વર્ષ પછી એના પર ફરીવાર દૃષ્ટિપાત કરીએ છીએ ત્યારે આપણી ચીલચાલુ વિચારવાની ટેવમાં, ઘરેડ પ્રમાણે યંત્રવત જીવવાની ટેવમાં એ જ ઘરેડ સિવાયનું કાંઇ નવું જોવા મળે છે? કે બસ આપણે એક પછી એક દિવસ પસાર કર્યા કરીએ છીએ અને તેમાં થોડો વધારો કે ઘટાડો કર્યા કરીએ છીએ? અને અંત સમયે એવો પસ્તાવો કરીએ છીએ કે આપણે આથી જુદી રીતે કેમ ન જીવ્યા? આપણે આ જ પ્રક્રિયામાંથી પસાર થઇ રહ્યા છીએ ને? હું પૂછું છું કે આ બધું શેને માટે છે? આપણું જીવન શેને માટે છે? અત્યંત સુંદર સ્થળથી દૂર આપણી ધરતી પર આપણને ભયભીત કરે તેવા જે બનાવો બને છે તે શા માટે બને છે? જીવનની આ ઘરેડમાં એક વ્યક્તિ તરીકે આપણે ક્યાં આવી ગયા છીએ? જીવનની આ ચાળણીમાં ચળાયા પછી બાકી શું રહે છે? આપણામાં શું બાકી રહે છે? આપણે આપણા રોજિંદા વિચારોથી, લાગણીથી, પ્રતિક્રિયાથી, પ્રતિભાવથી અને આદતથી સભાન રહીને આપણને શું થાય છે એ આપણે જાણીએ છીએ ખરા? કે પછી એ બધું નદીના પ્રવાહની જેમ વહી જાય છે?

સાનેન ૧૯૮૫, ભાષણ ૧

...પાન ૩ પર થી આગળ) **...મૂલભૂત પરિવર્તન કેવી**

કરું છું. જો હું આ વાતને બીજા શબ્દોમાં કહું તો; શું મારું ચેતન અને અચેતન મન, સમાજથી મુક્ત થઇ શકે? - સમાજ એટલે સંપૂર્ણ શિક્ષણ, સંસ્કૃતિ, માપદંડો, મૂલ્યો અને ધારાધોરણો. કારણ કે જો મન તેનાથી મુક્ત નહીં હોય, તો તે અનુબંધિત અવસ્થામાં રહે છે અને તે હજુ યે મર્યાદિત છે. તે જે કાંઇ બદલવાનો પ્રયત્ન કરશે તે પણ મર્યાદિત જ રહેશે અને તેથી તે પરિવર્તન થયું જ ન કહેવાય. જો હું તને સત્ય જોઉં તો હવે મારું મન શું કરે? જો હું એમ કહું કે તેણે શાંત થઇ જવું જોઇએ, તો એ શાંત બનવાનું પણ તે માળખામાં રહીને જ હોવાનું; તે જુદા સ્તરે મારી રૂપાંતર કરવાની ઇચ્છાનું જ પરિણામ છે.

એટલે જ સ્વ જ્ઞાન દ્વારા સમાજથી મુક્ત થવું બહુ જ મહત્વનું છે. અને હું માનું છું કે તો પછી, જ્યારે સમજણ દ્વારા માન્યતાની આ સંપૂર્ણ પ્રક્રિયાનો અંત આવી જશે, જ્યારે મન કોઇપણ પ્રકારના સુધારા સાથે નિસબત નહીં ધરાવતું હોય-ત્યારે ધરમૂળથી એવું રૂપાંતરણ થાશે કે જેને ચેતન કે અચેતન મન સ્પર્શી નહીં શકે, અને એ રૂપાંતરણમાંથી એક જુદો જ સમાજ, મનની સાવ જુદી જ અવસ્થા લાવી શકાય. પરંતુ એ અવસ્થા, તે સમજ; તેની કલ્પના ન કરી શકાય- તે પોતાનાં સ્વ-સંશોધનના ઊંડાણમાંથી આવી હોવી જોઇએ. તેથી મને લાગે છે કે અહીં જે મહત્વનું છે તે 'સ્વ'માં 'મારી અંદર'ની તપાસનું છે, અને એ 'સ્વ'નું સ્વરૂપ જેવું હોય તેવું-તેને જાણવાનું છે. તેની મહત્વાકાંક્ષાઓ, ઈર્ષ્યા, તાતી જરૂરિયાતો, કપટ, ઉચ્ચ અને નીચના વિભાજન એ બધાને જાણવાનું છે. તેને ખુલ્લાં પાડવા કે જેથી ચેતન મન પ્રકટ થાય અને સાથો સાથ અચેતન મન પણ પ્રકટ થાય. યુગોથી જમા થયેલા અનુભવોનો જથ્થો, એટલે કે ભૂતકાળની પરંપરાની વખારની વસ્તુઓ જાણવા મળે. આ બધાને સંપૂર્ણપણે જાણવું એટલે જ તેનો અંત લાવવો. ત્યારે મનને સમાજની સાથે, કોઇનાં સમર્થન સાથે, કોઇ સુધારા સાથે કે પોતાની જાતને બદલવા સાથે પણ બિલકુલ નિસબત નથી હોતી. તે એમ જાણે છે કે એક પરિવર્તન એવું પણ છે, એક એવું રૂપાંતરણ એવું પણ છે કે જે કોઇ ખાસ હેતુ સિદ્ધ કરવા માટેનાં હેતુપૂર્વકના પ્રયત્નોનું પરિણામ નથી.

લંડન ૧૯૫૫, ભાષણ ૪



મૂલભૂત પરિવર્તન કેવી રીતે કરવું ?

## ઉમદા કે વધારે સારાં અનુબંધનો જેવું કાંઇ નથી

**ત**મે માત્ર એક પ્રકારના માળખાને બીજા પ્રકારના માળખામાં ફેરવો છો, આમ કાયમ ચાલ્યા કરે છે.

પોતાનાં અનુબંધનને સંસ્કારને ખુદથી મુક્ત કરવાનો મનનો આગ્રહ જ પ્રતિકાર અને અનુબંધનને ચાલુ રાખવાનું નવું માળખું નથી? તે માળખા વિશે સમજીને અને જેમાં તમારો ઉછેર થયો છે તેમાં ઢાળીને તમે તેનાથી મુક્ત થવા ઇચ્છો છો; પરંતુ શું આ મનને અનુબંધનથી મુક્ત કરવાની ઇચ્છા જ તેને બીજી રીતે અનુબંધિત નથી કરતી? જૂની રીત એવો આગ્રહ રાખે છે કે તમે કોઇના આધિપત્યને અનુસરો, અને હવે તમે નવી રીત અપનાવો છો કે જે એવો આગ્રહ ધરાવે છે કે તમે આધિપત્યને ન અનુસરો. તમારે કોઇનાય આધિપત્યને અનુસરવું ન જોઇએ, આમ એક રીત બીજી રીત સાથે સંઘર્ષમાં આવે છે. જ્યાં સુધી મનમાં આંતરિક વિરોધાભાસ રહે ત્યાં સુધી અનુબંધનો રહે છે. આપણી ભીતર અનુસરણ કરવાની પ્રેરણા જાગે છે અને અનુસરણથી મુક્ત થવા માટેની પણ પ્રેરણા જાગે છે. ભલે આ બે પ્રેરણા એકબીજાથી જુદી લગતી હોય, શું તે મૂળભૂતપણે એકસરખી નથી? અને જો તે મૂળભૂતપણે એકસરખી હોય તો તે મુક્તિ માટેની તમારી શોધખોળ વ્યર્થ છે, કારણકે તમે માત્ર એક પ્રકારના માળખાને બીજા પ્રકારના માળખામાં ફેરવો છો, આમ કાયમ ચાલ્યા કરે છે. અનુબંધનમાં ઉમદા કે વધારે સારાં અનુબંધન જેવું કાંઇ નથી, અને આ જ તે ઇચ્છા છે કે જેને આપણે સમજવી જોઇએ.

*The Book of Life - Daily Meditations with Krishnmurti, 25 May*

**કૃષ્ણમૂર્તિના વિષયોની જાણકારી માટે નીચેની વેબસાઇટ્સ જુઓ:**

www.jkrishnamurti.org
www.kfionline.org
www.rishivalley.org
www.j-krishnamurti.org
www.kfistudy.org
www.kscskfi.com
www.jkrishnamurtionline.org
www.kfa.org
www.kfoundation.org
www.kinfonet.org

**Statement about ownership and other particulars of Antarlahari Newsletter**

**Form IV**

| | | |
|---|---|---|
| 1. Place of Publication | : | Krishnamurti Foundation India, Mumbai Executive Committee Himmat Niwas, 31, Dongersey Rd., Malabar Hill, Mumbai - 400 006. |
| 2. Peridicity of Publication | : | Once in four months, (January, May, September) |
| 3. Printer's Name | : | Anand Limaye |
| Whether citizen of India | : | Yes |
| Address | : | India Printing Works, 42, G. D. Ambekar Marg, Wadala, Mumbai - 400 031. |
| 4. Publisher's Name | : | P. V. Dabholkar |
| Whether citizen of India | : | Yes |
| Address | : | Krishnamurti Foundation India, Mumbai Executive Committee Himmat Niwas, 31, Dongersey Rd., Malabar Hill, Mumbai - 400 006. |
| 5. Editor's Name | : | Vasanti Padte |
| Address | : | Krishnamurti Foundation India, Mumbai Executive Committee Himmat Niwas, 31, Dongersey Rd., Malabar Hill, Mumbai - 400 006. |
| 6. Name and address of individuals who own the newspaper and partners or shareholders holding more than one percent of the total capital | : | Krishnamurti Foundation India, Mumbai Executive Committee Himmat Niwas, 31, Dongersey Rd., Malabar Hill, Mumbai - 400 006. |

I, P. V. Dabholkar, hereby declare that the particulars given are true to the best of my knowedge and belief.

Sd
(P. V. Dabholkar)

અંતરમેળ આ વૃત્તપત્રિકા દર ચાર મહિને પ્રસિધ્ધ થતી પત્રિકા છે. કૃષ્ણજીના શિક્ષણના અભ્યાસ કરવા ઇચ્છતી વ્યક્તિ માટે કૃષ્ણજીના સાહિત્યનો ગુજરાતી અનુવાદ, તેમના શિક્ષણને લગત લેખ, સંસ્થાના કાર્યક્રમ તેમજ અભ્યાસ કેન્દ્રની અને પુસ્તકો વગેરેની માહિતી આ પત્રિકામાં પ્રકાશિત કરવામાં આવે છે. આપને આ પત્રિકા આપના સરનામે મળે એવી ઇચ્છા હોય તો અમારા મુંબઇ કેન્દ્રના સરનામા પર પત્ર દ્વારા કે ઇમેલ દ્વારા ખબર કરવી. કૃપા કરી તમારું સંપૂર્ણ નામ, સરનામું, ફોન નંબર અને ઇમેઇલ જો હોય તો તે અમને જણાવશો.

## મૃત્યુ શુદ્ધિકરણ માટેનું મહાન કાર્ય

મૃત્યુ ફક્ત રહસ્યમય છે એવું નથી તે શુદ્ધિકરણનું મહાન કાર્ય પણ છે. તે એવું પુનરાવર્તી માળખું છે જે ફરી ફરીને એકસરખી રીતે ક્ષીણ થતું જ રહે છે. આ માળખું ભલે દેશ, આબોહવા અને સંજોગો અનુસાર બદલાતું રહે, પણ આખરે તો તે માળખું જ છે. અને તેની જીર્ણ થવાની ક્રિયા યથાવત જ રહે છે. કોઇપણ માળખામાં રહેવાથી તેને એક સાતત્ય મળે છે અને આવું સાતત્ય માનવીનો ક્ષીણ થતો જતો એક ભાગ છે. જ્યારે એ સાતત્યનો અંત આવે ત્યારે જ કાંઇક નવું બની શકે, જો આપણે વિચારની, ભયની, ઘૃણાની અને પ્રેમની સમગ્ર ગતિવિધિને સમજી લીધી હોય તો આપણે મૃત્યુ શું છે એ તરત જ સમજી શકીએ.

The Wholeness of Life - II,
પ્ર. ૨, ૧૯૭૭, ભાષણ ૪

*Published in January, May, September*

Periodical

*Registered with The Registrar of Newspapers for India under No. MAHGUJ/2008/25168*

*If undelivered please return to :*
**Krishnamurti Foundation India**
Mumbai Executive Committee, Himmat Niwas, 31, Dongersey Road,
Malabar Hill, Mumbai - 400 006.
Tel.: (022) 2363 3856 Email : kfimumbai@gmail.com
Websites : www.kfionline.org, www.jkrishnamurti.org

*Published by P.V. Dabholkar on behalf of Krishnamurti Foundation India, Bombay Executive Committee, Himmat Niwas, 31, Dongersey Road, Malabar Hill, Mumbai-400 006. Printed by S.V. Limaye at India Printing Works, 42, G.D. Ambekar Marg, Wadala, Mumbai - 400 031. E-mail : ipw@vsnl.net • Editor : Vasanti Padte • Translator : Harshad Dave • Designed by Eurythmic Designs. E-mail : info@Eurythmicdesigns.com*